સ્થૂળ (obese) વ્યક્તિમાં થતું જોવા મળે છે. તેના માટે ઓપરેશન કરીને સ્નાયુમાં ટાંકા લઇ ને જાળી મુકવામાં આવે છે.

## Incisional Hernia

કોઇ પણ incision માંથી બહાર આવે એટલે કે પહેલાં કોઇ શસ્ત્રક્રિયા(Operation/Surgery) કરાવેલી હોય અને તેમાંથી બહાર આવતાં Herniaને Incisional Hernia કહેવાય છે. સામાન્ય રીતે ટાંકા ઢીલા પડવાથી અથવા કોઇ Associated Disease ના કારણે થવાની શક્યતા રહે છે. સામાન્ય રીતે ગાયનેક procedure (ઓપરેશન તથા પેટનાં મોટા operation) પછી Incisional Hernia ની શક્યતા વધારે હોય છે.

જો સમયસર સારવાર (ઓપરેશન) ના કરવામાં આવે તો આંતરડું અટકી જવું , સંડાસ બંધ થઇ જવું, ઉલ્ટીઓ થવી અથવા અસહ્ય દુ:ખાવો થવો – તેવી તકલીફો થઈ શકે છે .

આધુનિક તબીબી વિજ્ઞાનના વિકાસ ના કારણે હવે ઓપરેશનમાં જાળી મુકીને સ્નાયુઓને વધારે મજબૂત કરવામાં આવે છે અને દર્દીને વધારે દિવસ હોસ્પિટલમાં પણ દાખલ રેહવું પડતું નથી .

તમને અથવા તમારા ઘરમાં કોઇને ઉપર જણાવ્યા પ્રમાણેની તકલીફ હોય તો જરૂરથી ડોક્ટર ને બતાવો .

**કોઈ પણ મેડિકલ ઈમર્જન્સીમાં**
**અમારી સમર્પિત હેલ્પ લાઇન પર ફોન કરો.**

**૭૮૭૮૭૯૭૮૧૯ / ૨૦**


ahmedabad institute of medical services
*aiming beyond care*
A Unit of A. Maniar Healthcare Pvt. Ltd.

**એઇમ્સ હોસ્પિટલ, પી.એન.હાઉસ, જેઠાભાઇ પાર્કની સામે,**
**નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭. ગુજરાત.**
**કોન્ટેકટ : ૭૮૭૮૭૯૭૮૧૯**
**વેબ: www.aimscare.com ઈ–મેઈલ: contact@aimscare.com**



# સારણગાંઠ

## Hernia



ahmedabad institute of medical services
*aiming beyond care*

A Unit of A. Maniar Healthcare Pvt. Ltd.



















## સારણગાંઠ – હર્નિયા (Hernia) એટલે શું ?

લોકોમાં ખોટી માન્યતાઓ હોય છે કે સારણગાંઠ – હર્નિયા(Hernia) એટલે "ગાંઠ" જો તમને પેટના નીચેના ભાગમાં લાંબા સમય ઉભા રહેવાથી દુ:ખાવો થતો હોય અથવા ગાંઠ જેવું બહાર આવતું હોય તો તે સારણગાંઠ- હર્નિયા હોઈ શકે છે.

સારણગાંઠ – વધારે વજન ઉપાડવાથી, વધારે ચાલવાથી, સાયકલ ચલાવાથી, પેશાબ કે સંડાસમાં જોર કરવાથી અથવા લાંબા સમયથી થતા કફ (ખાંસી/ઉધરસ) થી થાય છે .

સારણગાંઠ એટલે પેટના નીચેના ભાગ ના સ્નાયુઓ નબળા પડી જવાથી આંતરડા અથવા આંતરડાની ચરબી બહાર આવે તેનાથી થતો દુ:ખાવો અથવા ગાંઠ.

## સારાણગાંઠ સામાન્ય રીતે ત્રણ પ્રકારના જોવા મળે છે

1. Congenital Hernia and Inguinal Hernia- પેટ નીચેના ભાગમાં થતા Hernia.
2. Umbilical or Para umbilical Hernia- નાભિના ભાગમાં થતા Hernia.
3. Incisional Hernia- પહેલાં કોઈ ઓપરેશન થયું હોય અને ટાંકા ઢીલા થઈ જવાથી થતું Hernia.

## Congenital Hernia and Inguinal Hernia

નાના બાળકો ને પણ થઈ શકે છે, શુક્રપિંડ (ટેસ્ટીકલ્સ) પેટમાં બનીને વૃષણ કોથળી (Serotum) માં સામાન્ય રીતે આવતાં હોય છે, જેની સાથે પેટની આવરણ (Peritoneum - processes Vaginalis) આવે છે જે સમય જતાં બંધ થઈ જાય છે જો તે બંધ ન થાય તો જે Hernia થાય તેને Inguinal હર્નિયા કહેવામાં આવે છે, જેના માટે સામાન્ય રીતે બાળક એક વર્ષનું થાય તે પછી ઓપરેશનની જરૂર પડે છે. નાના બાળકોમાં જાળી મૂકવાની જરૂર પડતી નથી.

## Umbilical Hernia

નાભીના ભાગમાં સ્નાયુ નબળા પડી જતાં ત્યાંથી આંતરડું, તેનો ભાગ અથવા તેની ચરબી (omentum) બહાર આવે છે. તેના કારણોમાં સામાન્ય રીતે સ્ત્રીઓમાં પ્રેગનેન્સી પછી અથવા વધારે વજન વાળા